પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ સામે
વિદ્યા સહાયકમાં સીપીએડ ભરતી અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૧૨૦૦૨–૩૦૫૦–એમપી–૨૪–ક
સચિવાલય, ગાંધીનગર
તા. [illegible]

વંચાણે લીધા : ૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૦૯૬–૩૦૫૦–ક
તા. ૩૦–૪–૯૭
૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૦૯૬–૩૦૫૦–૧૦૨૭(૯૮)
ક– તા. ૧૧–૬–૧૯૯૮

<u>ઠરાવ</u>

વિદ્યા સહાયકોની ખાલી જગ્યાઓ સામે સીપીએડ ઉમેદવારો સમાવવાની બાબતમાં રાજ્ય કક્ષાએ કેટલીક ગેરસમજ પ્રવર્તે છે. આ અંગે પુખ્ત વિચારણાના અંતે સ્પષ્ટીકરણ કરવાનું રાજ્ય સરકારને યોગ્ય જણાયેલ છે. ઉપરોકત વંચાણે લીધેલ બંને ઠરાવોથી રાજ્ય સરકાર પાસે વિદ્યા સહાયકો (શિક્ષકો)ની ખાલી જગ્યાઓના ૫ ટકા સીપીએડ ઉમેદવારો લેવાની નીતિ નકકી થયેલ છે. આ નીતિના પરિપ્રેક્ષ્યમાં અત્યાર સુધીમાં વિદ્યા સહાયકોની ભરતી થયેલ છે. પી.ટી.સી. ઉમેદવારો ઓછા થવાના કારણે રાજ્ય સરકારે વધુ પી.ટી.સી. કોલેજો ખોલેલ છે અને વિદ્યા સહાયકોની ઉંમરમાં પણ છૂટછાટ આપેલ છે. હાલની સ્થિતિએ જયારે ખાલી જગ્યાની જાહેરાત કોઈપણ જિલ્લા ધ્વારા આપવામાં આવે તેની સામે પુરતા પ્રમાણમાં પી.ટી.સી. ઉમેદવારો ન મળવાના કારણે તેના ૫ ટકા એટલે કે પી.ટી.સી.ની અરજી મળી હોય તેના ૫ ટકા સીપીએડ ઉમેદવારોને લેવાનું ધોરણ કેટલાક જિલ્લાઓએ અપનાવેલ છે, જયારે કેટલાક જિલ્લાઓમાં સીપીએડ ઉમેદવારોની કુલ ખાલી જગ્યાની સામે ૫ ટકા ગણીને તેટલા પ્રમાણમાં સીપીએડ ઉમેદવારો લેવામાં આવેલ છે. પરિણામે જિલ્લા જિલ્લા વચ્ચે અર્થઘટનની જુદી જુદી સ્થિતિ ઉભી થવા પામેલ છે. તેથી હાલની સ્થિતિએ ઘણા સીપીએડ ઉમેદવારો જિલ્લાઓમાં અરજી કરી હોવા છતાં અને તેઓ બેકાર હોવા છતાં તેમને જે તે જિલ્લાઓએ આવેલ અરજીઓ એટલે કે ખાલી જગ્યાઓ સામે ઓછી મળેલ અરજીઓના કારણે મળેલ અરજીઓના ૫ ટકા તરીકે ગણતરી કરતાં તેવા ઉમેદવારોને નોકરીથી વંચિત રાખેલ છે. અને આવા અર્થઘટની ગેર સમજના કારણે આવા ઉમેદવારોને ભવિષ્યમાં તેમની ઉંમરમાં વધારાની છૂટછાટ મળી શકે તેમ નથી.

આથી સ્પષ્ટતા કરવામાં આવે છે. કે જિલ્લાઓમાં કુલ ખાલી જગ્યા સામે ૫ ટકા સીપીએડ ઉમેદવારોની ભરતી કરવી અને આના કારણે હાલના લાયક ઉંમરવાળા ઉમેદવારોને સમાવી લેતાં ભવિષ્યમાં જયારે છાપામાં જાહેરાત આપવામાં આવે ત્યારે જો વિદ્યા સહાયકોની કુલ ખાલી જગ્યાઓની સામે જો ૫ ટકા સીપીએડ ઉમેદવારો સમાવી લેવાના આ સ્પષ્ટીકરણના કારણે લેવાયેલ ઉમેદવારો જો સંખ્યા બળની દૃષ્ટિએ પાંચ ટકા જાળવવા સારુ ઓછા ટકા લેવાની ફરજ પડે તો તેવા સંજોગોમાં ખાલી જગ્યાની સામે ૪ ટકા, ૩ ટકા , ૨ ટકા એવું સ્પષ્ટીકરણ છાપાની જાહેરાતમાં સીપીએડ ઉમેદવારો લેવા બાબતમાં રાખવું અને આ સ્પષ્ટીકરણ ઠરાવ નંબર જાહેરાતમાં ટાંકવો. તેથી ભવિષ્યમાં શિક્ષકોની ટોટલ સ્ટ્રેન્થના ૫ ટકા સીપીએડ ઉમેદવારો જિલ્લાઓમાં જળવાઈ રહે. હાલની તકે જે સીપીએડ ઉમેદવારો મેરીટ ધરાવે છે અને મોટી ઉંમરના છે ઓછી ઉપલબ્ધીના ઓછા પી.ટી.સી. ઉમેદવારોની સર્વીસમાં દાખલ થવાના કારણે આવા સીપીએડ ઉમેદવારો ભોગ ન બને તે દૃષ્ટિએ આ સ્પષ્ટીકરણ ઠરાવ અગાઉના બંને ઠરાવોને જેમ તેમ રાખીને કરવામાં આવે છે. નવા પાસ થતા સીપીએડ ઉમેદવારો નાની ઉંમરના હોઈ આ સ્પષ્ટીકરણથી તેમને કશો ફરક પડતો નથી.

આ સંજોગોમાં હાલ જે અરજીઓ છેલ્લી જાહેરાતના પરિણામે સીપીએડની પેન્ડીગ હોય અને ખોટા અર્થઘટનના કારણે તેમને નોકરીમાં લેવામાં આવેલ ન હોય તો તેમને આ સ્પષ્ટીકરણના અનુસંધાનમાં નોકરી આપવા માટે તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને સૂચિત કરવામાં આવે છે. અને હવે પછીની ભરતીની જાહેરાતમાં ૫ ટકા જળવાઈ રહે તે પ્રમાણે છાપાઓમાં જાહેરાત આપતી વખતે ટકાની વધઘટનું સ્પષ્ટીકરણ રાખવા સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.એ.નાગોરી)
અધિક સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સર્વે માન. મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અ.મુ.સ.શ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અ.મુ.સ.શ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
સર્વે શાશનાધિકારીઓ, નગર પંચાયત, મહા નગરપાલિકા,, નગરપાલિકા
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ , રાજકોટ
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર
માહિતી નિયામકશ્રી, ગુ.રા. ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં બહોળી પ્રસિધ્ધિ અર્થે
શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ, સીલેકટ ફાઈલ, મદદનીશ સિલેકટ ફાઈલ